ગાંધીનગર સમાચાર

લગ્નમાં માવાની મિઠાઈ ખાધા પછી છાલામાં ઝાડા-ઉલ્ટી : ૨૦ દાખલ

# પ્રદિપસિંહ જાડેજા પર ચંપ્પલ ફેંકાતા સનસનાટી

**મીડિયા સાથે વાતચીત વેળા જ જૂતું ફેંકવામાં આવ્યું : જૂતું ફેંકનાર શખ્સની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી : દારૂબંધી હાય હાય, તાનાશાહી હાય હાયના નારા**



ગાંધીનગર, તા. ૨

ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા પર આજે જૂતું ફેંકવામાં આવતા ભારે સનસનાટી મચી ગઈ હતી. જૂતું ફેંકનાર શખ્સની અટકાયત કરીને પૂછપરછનો દોર હાથ ધરવામાં આવ્યો હતો. જૂતું ફેંકનાર શખ્સે દારૂબંધી હાય હાય અને તાનાશાહી હાય હાયના નારા લગાવ્યા હતા. પોલીસે જૂતું ફેંકનાર ધંધુકાના વતની ગોપાલ ઈટાલીયાની અટકાયત કરી હતી. ગુજરાત વિધાનસભા નજીક પ્રદિપસિંહ જાડેજા પ્રશ્નોનો જવાબ આપી રહ્યા હતા ત્યારે જ આ બનાવ બન્યો હતો. જોકે સદનસીબી પ્રદિપસિંહ નમી જતા તેમને જૂતું વાગ્યું ન હતું.

● અનુસંધાન પાન-૭ પર

## ગોપાલ ઈટાદરા સામે ગુનો દાખલ

**આઈ.બી.ની એક ટીમ સતત ગોપાલની વૉચમાં હોવા છતાં તે વિધાનસભા કેવી રીતે પહોંચ્યો ? તે એક મોટો સવાલ**

નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ પર ટેલીફોનીક વાતચીતના ઓડીયો વાયરલ થયા બાદ ગોપાલ ઈટાદરાની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી હતી. જામીન મુક્ત થયા બાદ આઈ.બી.ના ત્રણ માણસોની ટુકડી ગોપાલની સતત વૉચમાં મુકી દેવાઈ હતી. તેમ છતાં ગોપાલ આજે વિધાનસભા કેવી રીતે પહોંચ્યો ? અને આઈ.બી. કે પોલીસને ખ્યાલ પણ ન આવ્યો. તે એક મોટો સવાલ ઉભો થયો છે. તે ઉપરાંત થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં વિધાનસભામાં પ્રવેશ કરીને ગૃહપ્રધાન પ્રદિપસિંહ જાડેજા ઉપર જુતા ફેંકી હૂમલો થતા સુરક્ષા વ્યવસ્થા પર પણ પ્રશ્નાર્થ ઉભો થયો છે.

ગોપાલ ઈટાદરાની ધરપકડ કરી લઈ ગાંધીનગર એસઓજીની ટીમે તેને એસઓજી ઓફીસ લઈ ગઈ હતી. મોડી સાંજે ઘટનાસ્થળ ઉપર હાજર પીએસઆઈ ગોસ્વામીની ફરિયાદ લઈ સેક્ટર-૭ પોલીસ મથકમાં ગોપાલ ઈટાદરા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આઈપીસી કલમ ૩૩૨, ૩૩૭, ૩૫૨, ૩૫૩, ૩૫૫, ૪૪૭ અને ૧૨૦ (બી) મુજબ ગોપાલ ઈટાદરા સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરવામાં આવી છે. આવતીકાલે ગોપાલ ઈટાદરાને ગાંધીનગર કોર્ટમાં રજુ કરવામાં આવશે. કલમો દેખતા કદાચ કોર્ટમાંથી તેના જામીન નામંજુર થાય તેવી પણ શક્યતાઓ છે.

# શહેરના રહેણાંક વિસ્તારમાં ચાલતી હોસ્પિટલોને મનપા નોટીસ ફટકારશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના રહેણાંક વિસ્તારમાં ચાલતી ખાનગી હોસ્પિટલોને નોટીસ ફટકારવાનો નિર્ણય મહાનગરપાલિકાના સત્તાવાળાઓ દ્વારા લેવામાં આવ્યો છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ રહેણાંક વિસ્તારમાં ક્લીનીક માટે એમ.સી.આઈ.ના માર્ગદર્શક સિદ્ધાંતોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે પણ રહેણાંક વિસ્તારોમાં હોસ્પિટલ કરવા માટેની છૂટ અપાઈ નથી.

મળતી વિગતો પ્રમાણે તંત્રના અધિકારીઓએ આ અંગે જરૂરી પરામર્શ અને અભ્યાસ કર્યા પછી આ માટે પહેલાં આ અંગે નોટીસો આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નોટીસ પાઠવ્યા પછી જો સંતોષકારક જવાબ નહિ જણાય તો આ હોસ્પિટલોના સિલીંગની કાર્યવાહી તંત્ર દ્વારા કરવામાં આવશે. આ માટે તંત્રએ હાલ પ્રથમ તબક્કામાં રહેણાંક વિસ્તારોમાં ચાલતી હોસ્પિટલોની યાદી તૈયાર કરવાની કામગીરી શરૂ કરી છે.

આ પછી આગામી સપ્તાહમાં આ હોસ્પિટલોને નોટીસ આપવાની કામગીરી શરૂ થશે. તંત્ર દ્વારા નોટીસ સહિતની કામગીરીની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હોવાનું પણ દબાણ શાખાના અધિકારી મહેશ મોડ દ્વારા જાણવા મળેલ છે.

# સ્માર્ટ સીટીની દરખાસ્ત માટેની કામગીરી ઘોંચમાં પડી

**દરખાસ્ત માટે જરૂરી ૨૦ હજાર સૂચનો જ તંત્રને મળ્યા નથી : સૂચનો મેળવવા તંત્રને કડક તાકીદ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરને સ્માર્ટ સીટી બનાવવા માટે દરખાસ્ત કરવા અને તે માટેનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં હજુ પણ તંત્રને જરૂરી એવા ૨૦ હજાર સૂચનો ન મળતા તંત્ર બે દિવસમાં કામગીરી પૂર્ણ કરવાની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ માટે જરૂરી પ્રજાના સૂચનો મેળવવા માટે તંત્રએ અત્યાર સુધીમાં સે-૨૧, સે-૨૪, સે-૭ અને ઈન્ફોસીટીમાં બેઠકો કરી હતી પરંતુ તંત્ર ૧૬ હજાર જેટલા સૂચનો જ મેળવી શક્યું છે. જેમાં ઓનલાઈન સૂચનો ૧૪ હજાર જેટલા મળ્યા છે જ્યારે ઓફલાઈન સૂચનોની સંખ્યા ૨ હજારથી ૨૫૦૦ જેટલી જ થવા જાય છે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટનો ત્રીજો તબક્કો શરુ થનાર છે. આ પ્રોજેક્ટમાં

● અનુસંધાન પાન-૭ પર

# ઉનાળુ વાવેતરના શ્રીગણેશ

**૩૨૦૦ હેક્ટરમાં વાવેતર સંપન્ન : મગફળી, બાજરી અને શાકભાજીનું વાવેતર થયુ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ વાવેતરનો આરંભ ખેડૂતોએ કરી દીધો છે. અત્યાર સુધીમાં ૩૨૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ છે.

જિલ્લામાં ખેડૂતો દ્વારા આ વખતે ઉનાળુ મગફળીનું વાવેતર પણ સારૂ એવુ થશે તેમ માનવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત મગ અને અન્ય કઠોળ પાકનું વાવેતર પણ વધશે તેવા અંદાજો છે.

ખરીફમાં મગફળીના વાવેતરના પ્રોત્સાહક ઉત્પાદન બાદ ખેડૂતો આ વખતે ઉનાળુ મગફળીનું વાવેતર વધુ કરશે. મળતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં જિલ્લામાં ઉનાળુ મગફળીનું વાવેતર ૨૮૫ હેક્ટરમાં થયુ છે. જેમાં દહેગામ અને ગાંધીનગર તાલુકામાં સારૂ એવુ વાવેતર થયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ફાર્માસિસ્ટ સિવાય દવાઓનુ વેચાણ કરતા ૪૯ કિસ્સામાં કાર્યવાહી : એકનો પરવાનો રદ

ગાંધીનગર જિલ્લામાં અપુરતી લાયકાત ધરાવતા ઈસમો દ્વારા દવાઓનુ વેચાણ કરવાના કિસ્સામાં છેલ્લા બે વર્ષમાં કેટલા મેડીકલ કે ખાનગી સ્ટોર્સની તપાસ કરવામાં આવી છે ? તે અંગે કલોલ તાલુકાના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે રજુ કરેલા પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીએ ઉત્તરમાં જણાંવ્યુ હતુ કે દવાઓના વેચાણની લાયકાત અંગે ૪૯ મેડીકલ સ્ટોર્સની તપાસ કરવામાં આવી હતી. જયારે આ અન્વયે રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ સિવીય દવાઓનુ વેચાણ કરવા ઉક્ત જિલ્લાની કેટલા મેડિકલ સ્ટોર્સ સામે રાજય સરકાર દ્વારા શુ પગલા લેવાયા તેવા પેટા પ્રશ્નના ઉત્તરમાં પણ આરોગ્ય મંત્રીએ જવાબમાં જણાંવ્યુ હતુ કે આ અન્વયે રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ સિવાય ડોકટરના પ્રસ્ક્રિપ્શન પર



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

દવાઓનુ વેચાણ કરતા ૪૯ મેડિકલ સ્ટોર્સ પૈકી ૪૬ પેઢીના પરવાના ૧ થી ૧૫ દિવસ માટે સ્થગિત કરવામાં આવ્યા હતા. જયારે ૧ પેઢીનો પરવાનો રદ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૨ પેઢીને સખત ચેતવણી આપવામાં આવી છે.

**દહેગામ તાલુકાના ૨૫ ગામો અને ૫૧ પેટાપરાઓમાં ડામર રસ્તા નથી**

ગાંધીનગર જિલ્લાના કેટલા ગામો તેમજ પેટાપરાઓમાં ડામર રસ્તાની સુવિધાથી વંચિત છે ? જયારે આ ગામો અને પેટાપરાઓને કેટલા સમયમાં રસ્તાથી જોડવાની કામગીરી પુર્ણ થશે ? દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડના આ પ્રશ્નના ઉત્તરમાં માર્ગ મકાન મંત્રીએ જણાંવ્યુ હતુ કે ગાંધીનગર તાલુકાના બે ગામો અને બે પેટાપરાને રસ્તાથી જોડવાનુ કામ બાકી છે. જયારે આ ઉપરાંત કલોલ તાલુકાના બે ગામો પણ રસ્તાની સુવિધાથી વંચિત છે. જેમાં બે પેટા પરાનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત દહેગામ તાલુકાના ૨૫ ગામો અને આ ગામોના ૫૧ પેટાપરા રસ્તાઓથી વંચિત છે. ડામર રસ્તાઓથી વંચિત ગામોમાં અમરાજીના મુવાડા,બારીયા,બિલમણા, દેવકરણના મુવાડા, ઘમીજ,હાલીસા, હીલોલ,ઈસનપુર ડોડીયા, કડજોદરા, મીરાપુર, લવાડ, લીહોડ, પાલુન્દ્રા, નાંદોલ, પીંપળજ, સાંપા, વાસણા રાઠોડ અને વટવા સહીતના ગામોનો સમાવેશ થાય છે. ચારેય તાલુકામાં રસ્તાના સૌથી વધુ કામો દહેગામ તાલુકામાં બાકી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેમાં પેટપરાઓ પણ ડામર રસ્તાની સુવિધાથી વંચિત રહ્યા હોવાની સંખ્યા વિશેષ છે. આ ઉપરાંત પેટા પ્રશ્નમાં મંજુર થયેલા કલોલ તાલુકાના એક અને દહેગામ તાલુકાના ૭ પેટાપરાઓ બનતી ત્વરાએ અને બાકીના નાણાંકીય જોગવાઈના અંતે બનાવાશે તેમ પણ જણાંવાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

**પ્રથમ પુણ્યતિથિએ ભાવાંજલિ**



**સ્વ. યશવંતરાય બી. ભટ્ટ**
**સ્વર્ગવાસ તા. ૩/૩/૨૦૧૬**

સ્વજન ગુમાવ્યાની વ્યથા શબ્દમાં સમાતી નથી.
હર હંમેશ હેતની લાગણી સહેજ વિસરાતી નથી.
આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે.
વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.
**આપના દિવ્ય આત્માને કોટિ કોટિ વંદન...**

લી.
ગં.સ્વ. ઉર્મિલાબેન વાય. ભટ્ટ
રૂપલ કમલેશભાઈ દવે - રિદ્ધિ
જિજ્ઞાસા સુકેતુભાઈ મહેતા - નિધિ
દિપલ સમિરભાઈ નાણાવટી
કોશા - નિસર્ગ

# લગ્નમાં માવાની મિઠાઈ ખાધા પછી છાલામાં ઝાડા-ઉલ્ટી : ૨૦ દાખલ

**જિલ્લા તાલુકાના અધિકારીઓ દોડ્યા : ફૂડપોઈઝનીંગનું પ્રાથમિક તારણ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકાના છાલા ગામે આજે યોજાયેલ લગ્ન સમારંભમાં ભોજન બાદ ૨૦થી વધુ વ્યક્તીઓને ફૂડ પોઈઝનીંગ થતાં ઝાડા-ઉલ્ટી શરૂ થયા હતા. જેમને સારવાર માટે છાલા પ્રા.આ. કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા છે.

છાલા કસ્બામાં આજે યોજાયેલ લગ્ન સમારંભમાં બપોરનું ભોજન લીધા બાદ ૨૦થી વધુ વ્યક્તીઓને એકાએક ઝાડા-ઉલ્ટી શરૂ થઈ ગયા હતા. આ બધાને તાત્કાલિક છાલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

આ પછી આવા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાના અહેવાલો છે. આ સમાચાર મળતાં જ આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યુ છે અને જિલ્લામાંથી મેડીકલ ટીમોને ત્યાં રવાના કરી દેવામાં આવી છે.

તાલુકા આરોગ્ય અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી પણ ત્યાં દોડી ગયા છે.

દરમ્યાન ઝાડા-ઉલ્ટીના કેસોની સંખ્યા વધતાં

● અનુસંધાન પાન-૭ પર

**ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪**
**શિક્ષણ મહાવિદ્યાલય (IASE)**
**દ્વિવર્ષીય એમ.એડ્. (શિક્ષણ પારંગત) : પ્રવેશ જાહેરાત**

વર્ષ 2017-18માં દ્વિવર્ષીય એમ.એડ્. (શિક્ષણ પારંગત) પૂર્ણકાલીનમાં પ્રવેશ માટેનાં અરજીપત્રક તા. 02-03-2017 થી રૂબરૂ અથવા મનીઓર્ડર દ્વારા કાર્યાલય સમય દરમિયાન રૂ. 200.00 આપી મેળવી શકાશે. ભરેલું અરજીપત્રક તા. 02-04-2017 સુધી રૂબરૂમાં જ સ્વીકારવામાં આવશે.

શિક્ષણ પારંગતની કુલ 50 બેઠકો છે. કેન્દ્ર સરકારના અનામત અંગેના નિયમ મુજબ અનુસૂચિત જાતિ માટે 15 ટકા, અનુસૂચિત જનજાતિ માટે 7.5 ટકા, સામાજિક - શૈક્ષણિક પછાતવર્ગ માટે 27 ટકા અને શારીરિક ખોડખાંપણ માટે 3 ટકા પ્રમાણે બેઠકો અનામત રહેશે. વધુ માહિતી માટે www.gujaratvidyapith.org અથવા શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના કાર્યાલયનો 12.00 થી 6.00 દરમિયાન સંપર્ક કરવો. ફોન: 079-40016341, 40016342

તા. 02-03-2017 ડૉ. રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ

**ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪**
**શિક્ષણ મહાવિદ્યાલય (IASE) (બી.એડ્. બે વર્ષ) /**
**હિન્દી શિક્ષક મહાવિદ્યાલય (બી.એડ્. હિન્દી બે વર્ષ)**

વર્ષ 2017-18 માટેનાં પ્રવેશ અરજીપત્ર તા. 02-03-2017થી રૂબરૂ કાર્યાલય સમય દરમિયાન શિક્ષણ મહાવિદ્યાલયમાં રૂ. 200/- રોકડા ચૂકવવાથી મળી શકશે અથવા અરજીપત્ર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી રૂ. 200/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ (in favour of Registrar, Gujarat Vidyapithના નામે ટપાલ દ્વારા મોકલી શકાશે. અરજીપત્ર ભરીને પરત કરવાની છેલ્લી તા. 02-04-2017 છે. વધુ માહિતી વેબસાઈટ www.gujaratvidyapith.org પરથી મળશે. ભારત સરકારના આરક્ષણ નિયમ પ્રમાણે અનુસૂચિત જાતિ (SC) 15 ટકા, અનુસૂચિત જનજાતિ (ST) 7.5 ટકા, અન્ય પછાતવર્ગ (OBC) 27 ટકા (જેમની પાસે નૉનક્રિમિલેયરનું વર્ષ 2016 પછીનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારો માટે અન્યથા તેઓની ગણતરી સામાન્ય વર્ગમાં કરવામાં આવશે.) તેમ જ શારીરિક રીતે વિકલાંગ(PH)ને 3 ટકા અને જમ્મુ-કાશ્મીરના રહેવાસી ઉમેદવારો માટે 2 (બે) બેઠકો આરક્ષિત રહેશે.

તા. 02-03-2017 ડૉ. રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ

# યુવા પત્રકાર જતીન કોઠારીનુ ટુંકી માંદગીના બાદ દુ:ખદ અવસાન

**બે દાયકાથી પત્રકારત્વ ક્ષેત્રે ફરજ બજાવતા જતીન કોઠારીએ માહીતી મેળવવાના મજબુત સ્ત્રોતના આધારે આગવી ઓળખ ઉભી કરી હતી**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરના યુવા પત્રકાર જતીન કોઠારીનુ આજે ટુંકી માંદગી બાદ અવસાન થતા પરિવારજનો અને પત્રકાર આલમમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. બે દાયકાથી પત્રકારત્વ ક્ષેત્રે ફરજ બજાવતા જતીન કોઠારી છેલ્લા કેટલાક સમયથી લીવરની બિમારીની સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ હતા

**સ્વર્ગસ્થની અંતિમયાત્રામાં પત્રકારો, અધિકારીઓ અને નગરના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા**

સ્વર્ગસ્થની અંતિમ યાત્રા આજે બપોરે ૩ : ૩૦ કલાકે સે-૧૪ સ્થિત તેમના નિવાસ સ્થાનેથી નિકળી હતી. જેમાં મોટી સંખ્યામાં પત્રકારો ,અધિકારીઓ સહીત નગરના અગ્રણીઓ જોડાયા હતા. સાલસ , નિખાલસ અને રમુજી સ્વભાવ ધરાવતા જતીન કોઠારીએ બે દાયકા પુર્વે પત્રકારત્વ ક્ષેત્રે પર્દાપણ કર્યુ હતુ. સદગતનુ બેસણુ આગામી રવિવારે સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન પ્લોટ નં-૧૧/૨ સે-૧૪ ખાતે સ્થિત તેમના નિવાસ સ્થાને રાખવામાં આવ્યુ છે.

ગાંધીનગરના પત્રકારત્વમાં કદી ન પુરાય તેવી ખોટ પડી છે.



શહેરમાં બે દાયકાથી પત્રકારત્વ ક્ષેત્રે ઉમદા કામગીરી કરતા પત્રકાર જતીન કોઠારીનુ આજે ટુંકી માંદગીના અંતે દુખદ અવસાન થયુ હતુ. છેલ્લા બે ત્રણ મહીનાથી લીવરની બિમારીની સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ જતીન કોઠારીએ આજે બપોરે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના અવસાનથી તેમના પરિવારજનોમાં

● અનુસંધાન પાન-૭ પર

**જગ્યા ભાડે આપવાની છે**
ઈન્ફોસીટી સુપર મોલ-૧
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫,
સબ-વેની બાજુમાં
આશરે ૨૩૩ ચો. ફુટ
**ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮**

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com